સંવત ૧૯૪૫ નો સુરતમાં લાગેલી

ભયંકર આગનો ગરબો.

(તથા મરશીયા.) ભાગ પેહેલો.

રચનાર

રણછોડદાસ ફકીરભાઈ

સુરત ખો. પ્રે. ના મેનેજર.

વેચનાર—સુરત નાણાવટમાં

બુકશેલર-મંચેરજી જમશેદજી પેસવાલા.

સુરત.

સુરત ખોદાબક્ષ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કીમત ૧ આનો

તા૦ ૬ થી એપ્રીલ સને ૧૮૮૯ ને દીવશે મોટી

સુરતમાં લાગેલી આગ.

(સારૂં સારૂંરે સુરત શેહર મુંબઈ અલબેલી- એ રાગમાં)

કોધો કોપીરે ભયંકર કેર, અગ્નિ માતાએ;
નાશ પામ્યું સુરત શહેર, સઘળાં જોતાંએ,— (ટેક)
તારીખ છઠ્ઠી શનીવાર ને, સાલ નેવ્યાસી જયારેરે.
એપ્રીલ મહિનો છે અંગ્રેજી, બપોર પડીછે ત્યારે—અ૦ કો૦
એ દીવશે બાર કલાકે, લાગી તબેલાની માંહેરે;
ફેલાણીદનું નાકું કહીએ, બલ્યું મકાન એક ત્યાંય—અ૦ કો૦
બલ્યું મકાન તે પારશીનું, રડતાં સહુના મુખરે,
મદદ મળી નહી હોતે બરાબર, પડત ભયંકર દુઃખ—અ૦ કો૦
થોડા વખતમાં ફુંકી નાખી, ગયાં માણસ વેરાઇરે.
પછી બુમ પડી બાગોળે દોડયા લોકો ધાઈ—અ૦ કો૦
પેહલી આગના ડાકેવાળે, પીપ બંબાવાળા શાથરે,
વધીપડી તે અગ્નિ ત્યાંથી, બળે કોટ પાટીઆનો કોટ—અ૦ કો૦

ફાટપીટીઆની દુકાનમાંથી, પ્રથમ સળગી આગરે,
સળગાપછી બહુ મદદ મળીપણ, નહીં લાગ્યો કંઈ યાગ—અ૦ ફો૦
પાણી પડતું આગની માંહે, તેમ તેમ બમની લાહેરે,
આશા છોડી સરવે જનોએ લઈ પ્રાણને નાઠા જાય—અ૦ ફો૦
છાતી ફાટ રડેછે સરવે, આંસુ આંખની ધારરે,
દોડાદોડ ઘણાં ગ્રહસ્થો કરેછે મેહેનતનો નહીં પાર—અ૦ ફો૦
મોટાં મોટાં સરદારો દોડે, વળી દોડે સ્વારરે,
નિરાશ પાંમી પાણી છાંટે, બળતાં [illegible]—અ૦ ફો૦
ઠેર ઠેર થાય બંબા પાપો લાવે લોકો તાણીરે.
છાંટ છાંટ કરતાં નહીં બુઝે કરેછે પાણી પાણી—અ૦ ફો૦
ફેલાવા ચોગરદમ લાગી, બળે લોકોના મકાનરે,
માલ કાહડતાં હામ ન આવે જાગે અગ્નિ આગ—અ૦ ફો૦
બંબા મુકેલાં ત્યાંથી ખેંચી, આગળ વધતાં જાયરે,
પીંપાતો ત્યાં મુકી નાહશી, વધે આગાડી લાહે—અ૦ ફો૦

બરાનપુરી રાગ.

(નળ રાજાનું આખ્યાન—એ રાહ.)

સુરતમાં લાગી ભારે આગ, કહેતાં નહીં આવે પાર,
હતું નાક સુરતનું, તેતો ગયું.— ૧

બળી ભસ્મ થયો બજાર, રૂડી સુખડીઆની હાર
જોતાં જોતાંમાં ત્યાંતો કંઇ ના રહ્યું—૨
ફુટ છાતીઓને પેટ, સામન ક્યાંથી કાઢે હેઠ.
લાગ્યો ધાન મોહુતો નવ જાય કહ્યુ.—૩
જૂઓ દુઃખના ઉપર દામ, તેનાં સળગતાં મુકામ,
ઘર અને દુકાન બધું સળગી ગયું—૪
રાખી હતી જે ઘરની આશ. તે પણ થઇ ગયાં નિરાશ.
થયાં રખડતાં સરવે નવ જાય જોયું.—૫

શાખી.

રખડતો શહેર થયો, મોટો સુખડીયો બજાર,
દુકાન ઘર બળીગયાં, થયા રખડતાં આ વાર.

થયાં રખડતાં તે લોકો, મુકે ઘણાં ગરીબો પોકો,
તેનાં દુઃખમાં ભાગ તે કોણ ભરે—૧
રડતાં કકળતાં નિકળે બાહેર, હાય હાય કરતી નિકળે નાર,
તેનાં છોકરાંની દાઝ ઉરે કોણ ધરે—૨
બાળો તરેહના ગય રચીલા મુકી બાહેર નિકળે સઉ વાળા,
બળે બડકે સઉનો માલ તેને સું રે કરે.—૩
બળ્યો સુખડીઆનો ધાણ, દકાળપોળમાં રહેઠાણ.
બળી પોળને ત્યાંથી નાઠા ઉઠે.—૪

તેમથી હરીપુરાને લીધું, મસાણ પુરું ત્યાંતો કીધું.
અટકી ધોબી શેરીના નાંકાપરે—૫

શાખી.

ધોબી શેરીનું નાંકુ જે, અગ્નિએ પકડયું જેવાર.
દેહરું દાદા સાહેબનું, રહયું છે શલામત ત્યાર.

સલામત દેહરૂં રહયું છે જ્યારે, ડીસ્પેન્સરી આગળથી ત્યારે,
બાળી નવુંપરું ને નાકે અટક્યાછે.—૧
દક્ષીણે બળયું ગુપિલાવાડ, કોટની દુકાંનો કીધીઠાર
નાસ મસ્તાગીઆનો પુરો વાહયોછે—૨
તેનાં કુતરી ગયનાં મુખ, થાએ શાભળનારને દુઃખ,
એતો બધી તરફથી સુંવાછે—૩
ઘરને દુકાન સલગે થાયે, નથી રાખ્યું કંઇ આડે,
તેઓ ધ્રુસ્કી પોકથી ઘણા રડેછે.—૪
કંશારા બજાર ફના થઇ, લીમડાચોક સુંધી ગઇ,
કાપડ બજારને પણ બાળી નાંખ્યુંછે—૫

શાખી

કાપડ બજાર બળીગયું બળ્યોછે સઘળો બજાર.
ગાંધીઓપણ મસાણમાં, બાળી નાંખ્યું બંગડીવાર,

બાળી નાખ્યું બંગડીવાર, નવ છોડયું કાંસકીવાડ,
ડબગરવાડ પણ આખું બાળયુંછે.—૧

દુકાન ચોકસીઓની બાળી, ટેકરા રૂપાપો બાળી,
ને પણ જમીન સાપે મળયુંછે—૨
બાળી ફળયું ને ધાંચીશેરી. એવી અગ્નિ થઇછે વેરી.
જુસા શેરીઓ સાથે એને ગળયુંછે—૩
દુકાનો દુકાન અગ્નિ ભટકી લીમડાચોક આગળ અટકી.
એમ બાળીને ભસ્મ એને કીધુંછે—૪
બળી જોળ વાળાની દુકાન, મુકિલ ફોજનુ મકાન.
ત્યાંથી અટકીને ઉજ્જડ શઙ કીધુંછે—૫

સાખી.

ઉજ્જડ કર્યું સહેર આ શુરત જે ગુલજાર.
જંગલ સમાન થઇ પડયું. શાંભળજો વિસ્તાર.

———ooo———

ગરબી.

(ગીરધારીરે વત કહું તે વિચારે—એ રાગ)

થયું ઉજ્જડરે શ્હેર સુરત આ ભ્યારૂં જે તાપી તીરે વસનારૂં,
કરતાં ઉપાયરે લાકો કોતેરા સાઝ, થઇ પડયું જુવો દુખીઆરૂં,

ઝુલ

તેમાં અગ્નિ વસીઉછે આવીરે, લીધાં ઘરબાર સઉના ખાવીરે,
એતો બાળ બુઢા પર ફાવીરે, ત્રાહે ત્રાહેરે સુરત કરે બીચારૂં,

થઇ પડ્યું જુવો દુખીઆર

નવ નિકળયાંરે પેટીને પેતારાં, નાઠા પ્રાણ લઈ મુકી દ્વારા,
તેમ બીજારે કપડાં બળતાં સારાં, તેના નેત્રે આંશુના ધારા;

ઝુલણ

ઘણી મોટી મોટીઓ હવેલીરે તે પણ લાહેની માંહે ફસેલીરે
એવી અગ્નિ થઇછે ઘેલીરે પાડે બુમોરે હાય બળયું મારૂં મારૂં

થઇ પડયું જુવો દુખીઆરૂં

એમ દુખીયાંરે પિરતાર ઘરનો સાથે ઝળી બાળક પોતાને હાથે
સંભારે રે મુકી હાથ પોતને માથે આ શું રે કર્યું દીનાનાથે:

ઝુલણ

કરે સ્તુતી નાથની ભારીરે પ્રભુ લેજો સહુને ઉગારીરે
એમ વિનંતી કરે નરનારીરે પ્રભુજીરે કર સરવેનુ શાર

થઈપડયું જુવો દુખીઆરૂ.

ગરબો.

(ઓધવ નંદનો છોરાત નમેરો થયો જો—એરાગ)

અગ્નિ દોડી વળી તે સુરત સેહેરમાં જો
લોકો સાવધ રહયાંછે એની પેરમા જો—ટેક
હારે-પસ શેરીના લોકો ગભરાય છેજો
દર અગ્નિનો મોહલો ઘણો થાયછેજો—અ૦

ખાંણી રાખેછે ભરી સહુ આગળેજો
પ્રાણ આગળથી તે સહુના ચણ ચણે જો—અ૦
સહુ સહુની શેરીઓ સંભાળતાં જો
જાગી રાત સારી દીન ગાળતાં જો—અ૦
બંબા પોતાને ખરચે મંગાવતા જો
સાથ આંકડીઓ તૈયાર રખાવતાંજો—અ૦
એવી રાતે તે લોક ભય પામીગયું જો
કિના સાધનથી આ સૌ બળી ગયું જો—અ૦
એવાં વિચાર લાવતાં તે મનમાંજો
મદદ આપવાં લાગ્યા દુઃખી જનમાંજો—અ૦
ગરીબ લોકોને નાણાં થોડા આંપવાજો
મહાજન તરફથી દુઃખને કાપવાજો—અ૦
રેલ રીલીફ ફંડજે મુંબાઇમાં જો
પાંચ હજાર આપ્યાં તેને લાહેમાંજો—અ૦
પાયે માલજે લોકોને ઉગારવાજો
સરે ખીચડી મમરા વેહેચીને ઠારવાજો—અ૦
હાલ મુંબાઇના શેઠોએ જાણ્યા ઘણાજો
દુઃખી જનોની ખાલાશી આંણી ઘણીજો—અ૦
ખોલી વિશીને મફત જમાડવાજો
ઘણાં ગરીબડા લોકોને તારવાજો—અ૦
બીજા' શેઠ તો વાશણો વેહેંચતાંજો

ઘણાં ઘણાંને આશરાઓ મલતાંજો—અ૦
દુઃખીઆ જનોને પૈસાવાં કોઈ આપતાંજો
ઘણા સુખાઇ તરફના તે લાવતાં જો—અ૦
એવી રીત ઉગારવાને ચાહિછે જો
મદદ મોટા મોટાંની ઘણી થાયછેજો—અ૦

બીજે દીવસે લાગેલી આગ.

(મોહોલે પધારો મારાજ મણીધર મોહોલે પધારો—રાગ)

દુઃખી થયાં નર નાર અગ્નિ થકી દુઃખી થયાછે
ચેન ના મળે લગાર અગ્નિ થકી દુઃખી થયાછે

શાખી. ૧

બીજાગને દીવસે બહુ બહુ પડે પોકાર
બાળાજી પુરામાં પ્રગટી અગ્નિ માતા તેવાર— અ૦

શાખી. ૨

બાળયાં ઘર ખોંતો ઘણાં નેત્રે જોયું નવ જાય
શાહ શીતેર ફુંકાંઇ ગયાં ઘણાં લોકો કરે હાય હાય— અ૦

શાખી ૩

પોડા વખત ત્યાં ગાળતાં ચુપ પડે આગ આગ
ઢોરવાડની માંહેજે બહુ લોકો દોડેછે અથાગ— અ૦

શાખી ૪

સમજ્યું ત્યાંતો ઝુંપડું પાણી હતું તદ્દયાર
હેરા લોકો ફરી વળયાં તેથી બચીગયું તેવાર— અ૦

શાખી ૫

વળી કલાક ગયો નહીં સગરામ પુરાની બા'ર
બાપડા મુવા ગરીબડાં સમજ્યું ભંડારીવાર— અ૦

શાખી ૬

ભય અતિ તે પામ્યા દશતમ પરાની માંહે
હમણાં અગ્નિ આવશે લોકો પાણી લઇને ધાવે— અ૦

સાખી ૭

ભંડારીવાડ બળીગયો, ઘર બળ્યાં દશબાર
અગ્નિ તારાં ભય થકી, લોકો સામન કાડે બાહર— અ૦

સાખી ૮

એજ દીવસમાં લાગીતી, આગળ પાછળ બહુ
પાંચ ઘર બીજાં બળ્યા, વર્ણઆની બાગબના કહું— અ૦

શાખી ૯

પ્રાથના સઉ ઇશનીકરે પાણી રાખે તઇયાર
જાગ્રત રાત દીવશ રહી ભોજન કરે, ઘરની બાર— અ•

શાખી ૧૦

કમીશનરો ફરી વળયા, બીજા જે ઓહદેદાર
મેહેનત લેયછે અતિ ઘણી થઇતેઘણું લાચાર— અ•

મરસીયા રાગ.

હાય કેમઆ શેહેરે ઉજની રંડાપો એ રાહ

હાય કોપ થયો સુરતમાં અગ્નિનો ભારી, સુરતમાં અગ્નિનોભારી;
નથી રહી ઉગરવાની બારીરે—હાય ૧
સન અઢાર નેવ્યાશી જ્યારે, માસ અપ્રેલ ચાલુછે ત્યારે;
તારીખ છઠીને છે શનીવારેરે—હાય ૨
ડાયું માછલી પીઠથી કીધું ત્યાંનું ઘર એક બાળી તે દીધું
જાણુ મછવાસે ભાગળને લીધુરે—હાય ૪
મદદ બંબાની જોઈતીસારી બળી વાડીને આગ પસારી;
ઝુકી લાકડાની થઇછે ખુવારીરે—હાય ૫

ચોમેર આગ ત્યાંથી બહુ શળગી. પડે પાણી પણ થાએ ન અલગી

બાળી ભસ્મ કીધું એને વળગીરે— હાએ ૬

ઘણાં ઉપાયો લેઅછે લોકો, નહીં ફાવ્યથી કરેછે શોકો,

બળતી અગ્નિ જોઇ મુકેછે પોકારે—હાએ ૭

લીમડાચોક આગળથી અટકી નાખ્યું શુકડીઆ બજાર પકડી

ચોગરદમ લીધું એને બટકી—હાએ ૮

રાણીતલાવને નાકેથી રહીછે નવાપુરા શુધો આગ ગઇછે

ડોંગલોકપોળ શલામત થઇ છેરે—હાએ ૯

મોલતીલેનનું પોલીશ આવ્યું લીમડાચોકથી તોડી અટકાવ્યું

એમની મેહેનતે કનપીડ બચાવ્યુંરે—હાએ ૧૦

બીજા પોલીશની મેહેનત પુરજાગી લાવતાં ઉચકાવી સબળેથીપાણી

દાઝ સુરતની એમોએ જાણીરે—હાએ ૧૧

ખબર સઘળાં દેશોમાં પડીછે સુરત નાહાસ ભાગથી અડાછે;

એતો અભિમાનના શંગ લડાછે—હાએ ૧૨

ટ્રેન ઇસ્પેશ્યલ મુંબઇથી મુકતાં લોકો ચઢીજાતાં નહીં ચુકતાં;

જોઇ અગ્નિ સુના હાશ ઉડતાંરે—હાએ ૧૩

લોકો ગાભરા ઘણા થઇ દોડે ગાડી બંગલાઓ ગોતાનાં છોડે;

પાણી ભરી રાખ્યાંછે બહુ ટોરે—હાએ ૧૪

બંગાવાલાનાં શું કહું હાલ જાણે ભરી આરાની તે મિશાલ

દુઃખ પાંચમાં ઘણાં ખાય ઝાળરે—હાએ ૧૫

બે ત્રણ બંબા મુફશાનીમા ભાઇ નથી ઠેકાણું રહતું રે કાંઈ

મેહેનત કરતાં ઘણાં દુઃખ માંહીરે—હાએ ૧૬

ખોપો ગયાંકે પદરેક બળી અગ્નિ બાહેની શાથે તે મળી;
ને ચાર બળદ મુવા શાથ ઝવેરીરે—હાએ ૧૭
તારીખ નવમીએ આવ્યો ગવરનર. દુઃખ અગ્નિનું જોયું પ્રજાપર
રડતું મુખને કાંપ્યો કે થરથરરે—હાએ. ૧૮
પ્રેમ પ્રજાપર એનો છે શરો કર્યો મુંબાઇથી એને પસારો;
ફંડ ઉપાયે પ્રજાને ઠારેરે—હાએ ૧૯
તેનું ઉદાશી મુખથી કહેવું, સરવે ઓહદેદારોને તે સહેવું:
ગાંધી કોઇને સુરત જેવુંરે—હાએ ૨૦

રાગ—પીલુ—તાલ—લાવણી.—

(મેનાવતી માતા, નીર ભર્યાંરે થારાનેનમે-રાગ)

સુરત—અગ્નિ અગ્નિ માતા કોપ કર્યોરે સુરત શહેરમાં.
અગ્નિ—શું ન સુરત ખ્યાલ ભોગ મળ્યારે થારા વેરમાં.
સુરત—વેર શું છે આ સુરત સાથે, બાળી દીધાંરે બજાર,
સારાં સારાં તેં બાળ્યા મકાનો પાંચ દિવસે ધાર—અ.
અગ્નિ—ખપમાં મકાનો શું પકડું તે નથી એ મારૂં કામ.
હું સલગીતી એકજ ઘરમાં પાને બીડી હામ—શું.
સુરત—ખોટું દીએછે નામ પવનનું ખાધાં તેં પકવાન.
જમીઆં ખાધાં પેટ ભરીને દુખાવ્યા સઉના પ્રાણ—અ.
અગ્નિ—ગાંડી સુરત તું એવું બોલે, જરાતો દીલમાં વિચાર.
તમે ખાવોછો રોજ રોજ તો મારે ખાવું એકવાર—શું.

સુરત—માતા આતો ગજબ થયોછે, ખાખાં મશાતાદાર,
પેટ તમારૂં એવું કયાંથી, લોકો થયાં લાચાર—અ•
અગ્નિ—થયાં લાચારે એકવખતનાં. ઘડી ઘડી નહીં થાય,
કંઇક પાપીઓ માગે એવું, કયાંથી મળે ઉપાય—શું•
સુરત—વાત માતાતુજ સાચી જાણું, લાગેછે તાહરો ભય,
ઘણે ઠેકાણે હાથે લગાડે; હોય દ્રોહ નીર્દય —અ•
અગ્નિ—હું ફરતી બહુ દેશદેશાન્તર ગલી કુંચીને ગામ
સહુના ઘરમાં હમેશ ફરતી, પ્રથમ માહરૂં નામ—શું•
સુરત—અગ્નિ માતા આ સુરત રડતી. તારૂં લઇને નામ.
તુજ વિનાતો જરાન ચાલે, આપો દિવશ કામ—અ•
અગ્નિ—તમે વધારો મુજને તો હું, વધી કરૂછું ઘાત,
તરવાર છુપી ખુલ્લી રાખું એવો મારો સ્વભાવ—શું•
સુરત—તરવાર છુપી મ્યાનમાં રાખો. કરશો ન આચોકેર.
આપની શેવા કરે કઇ લોકો. રાખો સહુપર મે'ર—અ•





ખોદાબક્ષ
છાપખાનું
સુરત
નાણાવટ.
ગોપીચંદનાટક
વેચનાર મં. જ. પોસવાળા